GJGS070005012025

રે.દિ.દર.નં. ૨૮/૨૦૨૬

**-॥ આંક-૧ લગત હુકમ ॥-**

**નામદાર સુપ્રિમ કોર્ટના પેરીયામલ વિરૂધ્ધ વી.રાજમણી અને બીજા, ૨૦૨૫, લાઈવ લો સુપ્રિમ કોર્ટ, ૨૯૩** ના ચુકાદા મુજબ એકઝીકયુશન પીટીશન દાખલ થયાના ૬ માસમાં બને ત્યાં સુધી પુર્ણ કરવાની હોય છે અને આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે એકઝીકયુશન પીટીશન સ્પીડી ચલાવવા માટે નિર્દેશ આપેલ હોય તે નિર્દેશોને અનુલક્ષીને હાલની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આ કામે હાલની દરખાસ્ત વાદી તર્ફે પી.જી.વી.સી.એલ. દ્ધારા દાખલ કરવામાં આવેલ, જે દરખાસ્તના કામે જજમેન્ટ ડેટરને જપ્તી વોરંટ કાઢવામાં આવેલ, જે જપ્તી વોરંટમાં પ્રતિવાદીનુ નીલ રોજકામના શેરા સાથે આંક-૬ થી પરત આવેલુ અને વાદી દ્ધારા આગળની કાર્યવાહી માટે કોઈ અરજી આપવામાં આવેલ નહી જેથી હાલની દરખાસ્તના કામે આગળ કોઇ પ્રક્રિયા કરી શકાતી ન હોય, સદર દરખાસ્ત ચાલુ રાખવામાં આવે તો કોર્ટનો કિંમતી સમય વેડફાય તેમ છે. જેથી હવે આ દરખાસ્તનુ કામ વધુ સમય સુધી મુલતવી રાખવાથી કોઇ અર્થ સરે તેમ નથી, જેથી આ દરખાસ્ત ડીસમીસ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૦૬ માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૬/૦૭/૨૦૨૬
સ્થળઃ તાલાલા

(પી. એન. જાડેજા )
પ્રિન્સી.સીવીલ જજ
તાલાલા.
(GJ01733)